For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

જે સુરતમાં ટ્રાફિક જામનો પર્યાય બન્યું છે તેવા એપીએમસી પાસેનો ફ્લાય ઓવરબ્રિજ તૈયાર...



■ આમ તો વાહનચાલક રિંગરોડ પરના ફ્લાય ઓવર બ્રિજનો લાભ લઈને સીધો સહરા દરવાજા સુધી પહોંચી તેને પાર કરી શકે છે પરંતુ ત્યારબાદ જો વાહનચાલકની કસોટી થતી હોય તો તે એપીએમસી પાસેના ટ્રાફિક જામની છે. સુરતમાં એવું કહી શકાય કે આ સ્થળ ટ્રાફિક જામનો ઉત્તમ નમૂનો છે. જોકે, હવે આ જંક્શનને પાર કરી શકાય તે માટેનો ફ્લાય ઓવર બ્રિજ તૈયાર થઈ ગયો છે. ટૂંક સમયમાં તેને ખૂલ્લો મૂકાશે ત્યારે સુરતીઓનો ટ્રાફિક જામથી છૂટકારો થશે. (તસવીર: હેમંત ડેરે)

ઉધના ઝોન વિસ્તારમાં 30 ઓક્ટોબરની સાંજે પાણીકાપ

જૂના બમરોલી અને ગોવાલક સહિતના વિસ્તારોમાં પાણી નહીં મળે

31 ઓક્ટોબરે સવારે પાંડેસરા અને હરિનગર સહિતના વિસ્તારોમાં ઓછા પ્રેશરથી પાણી મળવાની શક્યતા

સુરતઃ સુરત મહાનગરપાલિકાના ઉધના ઝોન અંતર્ગત આવતા વિવિધ વિસ્તારોમાં આગામી શુક્રવાર એટલે કે 30 ઓક્ટોબરે પાણીકાપ રહેશે. ચીકુવાડી જળવિતરણ મથક ખાતે મુખ્ય પાણીની લાઈન પર નવો વાલ્વ મૂકવાની તેમજ ભૂગર્ભ ટાંકીઓની સફાઈ કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાને કારણે જૂના બમરોલી, ગોવાલક અને નવા બમરોલી સહિતના વિસ્તારોમાં સાંજના સમયનો પાણીનો પુરવઠો

...અનુસંધાન પાના ૯ પર

આ વિસ્તારમાં પાણી કાપની અસર રહેશે

આ ટેકનિકલ કામગીરીના કારણે 30 ઓક્ટોબરના રોજ સાંજના સમયે જૂના બમરોલી, ગોવાલક, આશાપુરી સોસાયટી, અપેક્ષાનગર, અંબિકાનગર, દેવેન્દ્રનગર, ગણપતનગર, કરશનનગર અને કર્મયોગી સોસાયટી જેવા વિસ્તારોમાં પાણીનો પુરવઠો બિલકુલ મળશે નહીં. આટલું જ નહીં, પરંતુ ટી.પી.-58 (TP-58) ના નવા બમરોલી વિસ્તાર અંતર્ગત આવતા ગીતાનગર, હીરાનગર, હરસિદ્ધિનગર, સત્યનારાયણનગર, જયઅંબેનગર, મરાઠાનગર તથા તેની આસપાસના અન્ય વિસ્તારોમાં પણ ભારે પાણીકાપ રહેશે. જ્યારે બીજી બાજુ 31 ઓક્ટોબરના સવારના સત્રમાં હરિનગર-1, 2 અને 3, આશાનગર-1 અને 2, જલારામનગર, પટેલનગર,

...અનુસંધાન પાના ૯ પર

18 ટકા GST છતાં બિલ વગર કામ, 5 કાર ડેકોર પર SGSTના દરોડા

અમદાવાદની ટીમે સુરતમાં હાથ ધરી કાર્યવાહી, સ્થાનિક અધિકારીઓને બાકાત રખાયા

કાર પર સિરામિક કોટિંગ, PPF અને ડેકોર વર્ક પર 18% GST લાગે છે

જો બિલિંગ અને વાસ્તવિક કામ વચ્ચે મોટો તફાવત મળશે તો કરોડો રૂપિયાની કરચોરી બહાર આવે

અમદાવાદથી સીધું ઓપરેશન

આ કેસમાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ તપાસ અમદાવાદ સ્તરેથી સીધી હાથ ધરવામાં આવી છે. સ્થાનિક ઉચ્ચ અધિકારીઓને પણ આ ઓપરેશનથી બાકાત રાખવામાં આવ્યા છે, જેથી માહિતી લીક ન થાય અને પુરાવા સાથે રેડ થઈ શકે.

સુરતઃ શહેરના લક્ઝરી કાર બજારમાં ચાલતા મોટા કૌભાંડ પર SGST વિભાગે ગાળિયો કસ્યો છે. કાર પર કોટિંગ અને ડેકોરેશનનું કામ કરતાં પાંચ મોટા કાર રિપેરીંગ અને કાર ડેકોર સેન્ટરો પર SGST દ્વારા તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, કાર પર સિરામિક કોટિંગ, PPF કોટિંગ, રેપિંગ કે અન્ય કોઈ પણ પ્રકારનું ડેકોર વર્ક કરવામાં આવે તો તે સર્વિસ ગણાય છે અને તેના પર 18% GST લાગે છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી આ સેક્ટરમાં મોટા પાયે કરચોરી થતી હોવાની ફરિયાદો મળી રહી હતી. ઘણા ઓપરેટરો ગ્રાહક પાસેથી 50 હજારથી લઈને 1.5 લાખ રૂપિયા સુધી કોટિંગના લેતા હોવા છતાં, બિલમાં માત્ર મટિરિયલ બતાવીને કે કેશમાં વ્યવહાર કરીને GST ભરવાનું ટાળતા હોવાની શંકા છે. આ કોમોડિટીમાં માર્જિન ખૂબ ઊંચું હોય છે, એટલે લાંબા સમયથી મોટી કરચોરી આચરવામાં આવતી હોવાનું પ્રાથમિક અનુમાન છે.

SGSTની ટીમો દ્વારા પાંચેય સેન્ટરોના બિલિંગ, સ્ટોક રજિસ્ટર, બેંક ખાતા અને કોટિંગ મટિરિયલની ખરીદીના આંકડા કબજે કરીને તપાસ શરૂ કરાઈ છે. વિભાગીય સૂત્રોનું કહેવું છે કે જો બિલિંગ અને વાસ્તવિક કામ વચ્ચે મોટો તફાવત મળશે તો કરોડો રૂપિયાની કરચોરી બહાર આવે તેવી શક્યતા છે. આગામી દિવસોમાં વધુ સેન્ટરો પણ તપાસના દાયરામાં આવી શકે છે.

રાજ્યમાં ઉદ્યોગો અને ખેડૂતોને વીજળી મળતી નથી અને બીજી તરફ

વીજ સંકટ છતાં મનપા રોશનીના નામે ચાર દિવસ વીજ વેડફાટ કરશે!

ઉદ્યોગો અને ખેડૂતો માટે વીજળી નથી ત્યારે સુરત મહાપાલિકા એક દિવસ માટે રોશની કરીને વીજળી બચાવી શકે તેમ છે

વહીવટી તંત્ર દ્વારા 9 ઝોનમાં 7 ઇજારદારોને 72.40 લાખના ખર્ચે રોશનીનું કામ સોંપવાની દરખાસ્ત સ્થાયી સમિતિમાં રજૂ

સુરતઃ સમગ્ર ગુજરાતમાં જ્યારે વીજળીની તંગી અને વીજકાપની સ્થિતિને લઈને ચિંતાજનક માહોલ છે તેમજ સામાન્ય જનતાથી લઈને ઉદ્યોગોને વીજળી બચાવવાની સલાહ

...અનુસંધાન પાના ૯ પર

રોજના રૂ.18 લાખનો ખર્ચ: ક્યા ઝોનમાં કેટલો ધુમાડો?

ઝોન	ખર્ચ
સેન્ટ્રલ ઝોન	સૌથી વધુ રૂ.22 લાખ
અઠવા ઝોન	રૂ. 10 લાખ
લિંબાયત ઝોન	રૂ. 8 લાખ
કતારગામ ઝોન	રૂ. 8 લાખ

બાકીના ઝોન, તમામ બ્રિજ અને મનપાની મુખ્ય ઇમારતો પર અન્ય ખર્ચનું આયોજન છે.

ધોકાના દિવસે લાઈટો બંધ રાખી શકાય

પરંપરાગત રીતે મનપા દ્વારા દિવાળી, નૂતન વર્ષ અને ભાઈબીજ એમ ત્રણ દિવસ રોશની કરવામાં આવતી હોય છે. જોકે આ વર્ષે તારીખોના ગણિત મુજબ 8 નવેમ્બરે દિવાળી અને 10 નવેમ્બરે નવું વર્ષ હોવાથી વચ્ચે 9 નવેમ્બરનો દિવસ ખાલી

...અનુસંધાન પાના ૯ પર

એક દિવસની રોશનીથી રૂ.54 લાખ અને હજારો યુનિટ વીજળી બચી શકી હોત

હાલ જ્યારે રાજ્યમાં પીક અવર્સ દરમિયાન વીજળીનું ભારણ ઘટાડવા મથામણ ચાલી રહી છે, ત્યારે સુરત મનપાએ એક જવાબદાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તરીકે દાખલો

...અનુસંધાન પાના ૯ પર

'અટરલી બટરલી ગાયબ ટોટલી' અમૂલ બટરના કાળાબજાર

સુરત સહિત ગુજરાતમાં અછતથી ગ્રાહકો પરેશાન

છૂટક બજારમાં 15થી 20 ટકા ઊંચા ભાવે વેચાણની ફરિયાદ

સુરત : 'અટરલી બટરલી ડિલિશિયસ'ના જાણીતા સ્લોગન સાથે ગ્રાહકોના રસોડામાં સ્થાન ધરાવતું અમૂલ બટર હાલ સુરત સહિત ગુજરાતના અનેક વિસ્તારોમાં બજારમાંથી ગાયબ થવા લાગ્યું છે. 100, 200 અને 500 ગ્રામનાં પેકેટ દુકાનો, પાર્લર અને મોલમાં આવતાં જ વેચાઈ જતાં હોવાથી ગ્રાહકોને મુશ્કેલી પડી રહી છે. અછતનો લાભ લઈને કેટલાક છૂટક વેપારીઓ 15થી 20 ટકા ઊંચા ભાવે બટર વેચતા હોવાની ફરિયાદો પણ ઊઠી છે. 500 ગ્રામના પેકેટ માટે રૂપિયા 325ને બદલે રૂપિયા 350 કે તેથી વધુ ચૂકવવા પડતા હોવાની ફરિયાદોને પગલે કાળાબજારીનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે.

સુરતના અડાજણ, વરાછા, કતારગામ અને રાંદેર સહિતના વિસ્તારોમાં અમૂલ બટર શોધવા છતાં સરળતાથી મળી રહ્યું નહીં હોવાની ફરિયાદો છે. અમૂલના

...અનુસંધાન પાના ૯ પર

અછત પાછળનાં સંભવિત કારણો

1. દૂધ સંપાદનમાં ઘટાડો : ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) સાથે સંકળાયેલી ડેરીઓમાં દૂધની આવક ઘટવાથી બટરના ઉત્પાદન પર અસર પડી હોવાની શક્યતા છે.
2. દૂધમાં ફેટનું પ્રમાણ ઘટવું : બટર બનાવવા માટે વધુ ફેટ ધરાવતા દૂધની જરૂર પડે છે. મોસમી ફેરફારોને કારણે દૂધની ઉપલબ્ધતા અને ફેટનું પ્રમાણ ઘટે તો ઉત્પાદન ઓછું થઈ શકે છે.
3. દિવાળીમાં માગમાં વધારો : તહેવારો દરમિયાન મીઠાઈ, બેકરી ઉત્પાદનો, હોટેલ અને રેસ્ટોરન્ટમાં બટરનો વપરાશ વધે છે. ઉત્પાદનની સરખામણીએ માગ વધતાં બજારમાં અછત સર્જાઈ શકે છે.
4. પ્લાન્ટમાં જાળવણીની કામગીરી : ગુજરાતના કેટલાક ઉત્પાદન એકમોમાં સફાઈ અને જાળવણીની કામગીરીને કારણે પુરવઠો પ્રભાવિત થયો હોવાની શક્યતા પણ વ્યક્ત કરાઈ છે. જોકે, આ અંગે સત્તાવાર પુષ્ટિ મળી નથી.

તહેવારોમાં પુરવઠો ક્યારે સામાન્ય થશે?

અમૂલ અથવા GCMMF તરફથી અછતનું ચોક્કસ કારણ અને પુરવઠો સામાન્ય થવાની સમયમર્યાદા અંગે તાજું સત્તાવાર નિવેદન ઉપલબ્ધ નથી. ત્યાં સુધી ગ્રાહકોને બટર મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.તહેવારોની સિઝનમાં અમૂલ બટર ક્યારે સરળતાથી ઉપલબ્ધ થશે એનો જવાબ હાલ કોઈ પાસે નથી.

હોટલ-લારીવાળાઓના ધંધાનું બજેટ ખોરવાયું

સુરતમાં લોચો, પાંવભાજી, સેન્ડવીચ અને અન્ય ફાસ્ટફૂડ બનાવતા વેપારીઓ માટે બટર રોજિંદી જરૂરિયાત છે. બટરની અછત અને વધારાના ભાવને કારણે તેમના ખર્ચમાં વધારો થવાની ચિંતા છે. નાના વેપારીઓને જરૂરી જથ્થો મેળવવામાં મુશ્કેલી પડે તો તેની અસર ધંધાના નફા અને ગ્રાહકોને મળતા ખાદ્યપદાર્થોના ભાવ પર પણ પડી શકે છે.

'અર્નબ' વાવાઝોડું: 3 દિવસ દ.ગુજરાત-સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદની આગાહી

આગામી 24 કલાક બાદ તાપમાનમાં 2થી 3 ડિ.સે.નો ઘટાડો થવાની શક્યતા

ગાંધીનગરઃ બંગાળની ખાડીમાં સર્જાયેલું અતિભીષણ ચક્રવાતી વાવાઝોડું 'અર્નબ' 28 ઓક્ટોબરની સવારે આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ત્રાટક્યા બાદ ગુજરાતમાં હવામાનની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. હવામાન વિભાગે આગામી 29થી 31 ઓક્ટોબર દરમિયાન દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓ તથા સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગરમાં છૂટાછવાયાં સ્થળોએ હળવા વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. બીજી તરફ, આગામી 24

...અનુસંધાન પાના ૯ પર

બંગાળની ખાડીના સાયક્લોનની અસર સુરતમાં, પવનની ગતિ બમણી થઈ

સુરતઃ સુરતના વાતાવરણ પર બંગાળની ખાડીમાં સર્જાયેલી ચક્રવાતી સિસ્ટમની અસર જોવા મળી રહી છે. બંગાળની ખાડીમાં સક્રિય થયેલા સાયક્લોનિક સ્ટોર્મની હવામાન પ્રક્રિયાને પગલે અરબી સમુદ્રમાંથી મોટા પ્રમાણમાં પવનો ખેંચાઈ રહ્યા છે, જેના કારણે સુરતમાં પવનની ગતિમાં વધારો નોંધાયો છે. શહેરમાં આજે પવનની ગતિ ગઈકાલની સરખામણીએ બમણી થઈ હતી. દિવસ દરમિયાન ઉત્તર દિશામાંથી 13 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. બીજી તરફ, મહત્તમ તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો થતાં ગરમીથી આંશિક

...અનુસંધાન પાના ૯ પર

29થી 31 ઓક્ટોબર સુધી ક્યાં વરસાદની શક્યતા ?

- **29 ઓક્ટોબરઃ** ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીમાં છૂટાછવાયાં સ્થળોએ હળવો વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ થવાની શક્યતા છે.
- **30 ઓક્ટોબરઃ** ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલી ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં પણ છૂટાછવાયાં સ્થળોએ હળવા વરસાદની સંભાવના છે.
- **31 ઓક્ટોબરઃ** નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલી ઉપરાંત અમરેલી અને ભાવનગર

...અનુસંધાન પાના ૯ પર

કન્ટેનર દંપતીની નજીકથી પસાર થયું

કન્ટેનર દંપતી પાસે જ પલટી ગયું

કન્ટેનર આ રીતે રસ્તા પર પડ્યું

ભારે કન્ટેનર ઉપર પડ્યું છતાં દંપતી આબાદ ઉગરી ગયું

એક ફૂટથી ઓછું અંતર હોવાથી જીવ બચી ગયો

વરાછામાં એમ્બ્રોઇડરી મશીન એક તરફ સરકી જતાં ટેન્કર પલટી ગયું

સુરત : સુરતમાં સતત ધમધમતા વરાછા મેઈન રોડ પર ચીકુવાડી બ્રિજ નજીક એક કન્ટેનર અચાનક પલટી મારી જતાં દોડધામ મચી ગઈ હતી. આ કન્ટેનરમાં એમ્બ્રોઈડરીના મશીનો ભરેલા હતા. અકસ્માત સમયે કન્ટેનરની એકદમ નજીકથી એક મોપેડ સવાર દંપતી પસાર થઈ રહ્યું હતું. કન્ટેનર પલટતા સમયે તેઓ વચ્ચે સહેજ અંતર થઈ જતાં પતિ-પત્ની મરતા-મરતા બચ્યા હતા. ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યાં છે.

કન્ટેનરમાં એમ્બ્રોઈડરી મશીનરી લોડ કરીને લઈ જવામાં આવી રહ્યાં હતાં જે યોગ્ય રીતે બાંધ્યા નહીં હોવાથી મશીનો એક તરફ આવી ગયા હતાં. એક તરફ વજન વધી જવાના કારણે ચાલકે સંતુલન ગુમાવ્યું

...અનુસંધાન પાના ૯ પર

અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹૪૫૦૦/-	₹૩૦૦૦/-	₹૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

અમદાવાદી દશા પોરવાડ વણિક જ્ઞાતિ બેસણું

સદ્‌ગતનું બેસણું તા. ૨૯/૧૦/૨૦૨૬ ને ગુરૂવારના રોજ બપોરે ૪ થી સાંજે ૬ કલાક દરમિયાન જીવન વિકાસ ટ્રસ્ટ, ભેંસતળાવ, ગુજરાત ગેસ કંપની પાસે, અડાજણ ગામ, સુરત ખાતે રાખેલ છે.

શોકાતુર: ડૉ. જયેશ જનકરાય કિનારીવાલા, પ્રશાંત જનકરાય કિનારીવાલા (7433903381), અ.સૌ. પ્રજ્ઞા સંદિપભાઈ ભગત (USA)

સ્વ. પ્રેમલતાબેન જનકરાય કિનારીવાલા સ્વ. તા. ૨૮/૧૦/૨૦૨૬

આહિર અવસાન/શ્રદ્ધાંજલી

સ્વ. ભીખુભાઈ રતનજીભાઈ આહિર સ્વ. તા. ૨૦-૧૦-૨૦૨૬ ગામ-જુનાગામ

દુઃખદ અવસાન - સંયુક્ત બેસણું

સ્વ. ચંપાબેન ગોરધનભાઈ પટેલનું

સ્વ. ચંપાબેન ગોરધનભાઈ પટેલ

લિ- શોકાતુર: ગોરધનભાઈ જેરામભાઈ પટેલ

શ્રદ્ધાંજલિ

અક્ષર નિવાસી

સ્વ. શાંતિલાલ હિરાલાલ

જીવન હરપળે હરતા રહ્યા, સૌને સુખાકારી આપી હૈયે વસતા રહ્યા તમો જીવન એવું જીવી ગયા કે કદી વિસરાય નહીં, પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના.